**લઘુત્તમ વેત્તન અધિનિયમ ૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત અંગે.**

વંચાણે:- ૧. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ નાં તા:૨૬.૧૨.૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: KHR/ 2014 /188 /LVD /10 /2013 /575849/M(2) અનુસાર લઘુત્તમ વેતનનો એનેક્ષર(અનુસુચિત)મુજબ.જેમા ઉલ્લેખ કરવામાં આવેલ મુજબ ૦૧એપ્રીલ અને ૦૧ ઓકટોમ્બર એ ખાસ ભથ્થુ મળવાપાત્ર થશે.

૨ શ્રમ નિયામક,શ્રમ આયુકતની કચેરી ગુજરાત રાજય, ગાંધીનગર, ના તા:૩૧/03/૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.૬ /૧ / કોન્ટ્ર /ભથ્થા/૨૦૧૮/૩૩૦ થી૪૪૨,

**:: પરિપત્ર ::**

નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.વંચાણે લીધેલ :૧: મુજબ ૦૧ ઓકટોમ્બર એ ખાસ ભથ્થા મળવાપાત્ર થાય છે જે **વંચાણે લીધેલ:૨** ના પરિપત્ર માં જણાવીઆ મુજબ તા:૦૧.૦૪.૨૦૧૮ થી તા:30.૦૯.૨૦૧૮ના સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દર **રૂા.૩૬.૨૦ પૈસા(અંકે રૂપિયા છત્રીસ અને વીસ પૈસા પૂરા)** થયેલ છે.

આથી નિયત કરેલ મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવામાં આવતુ ખાસ ભથ્થા શ્રમયોગીઓને તા:૦૧-૦૪-૨૦૧૮ થી તા:30-૦૯-૨૦૧૮ સુધીના ૬ (છ) માસના સમય માટે **દૈનિક રૂા.૩૬.૨૦ પૈસા (અંકે રૂપિયા છત્રીસ અને વીસ પૈસા પૂરા) ચુકવવાના રહેશે**.

| ક્રમ | કામદારોના વર્ગો. | દૈનિક લઘુત્તમ વેતન દર. | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | અર્ધકુશળ | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | બિન કુશળ | ૨૭૬ | ૨૬૮ |

**ઝોન-૧**:-ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદો ની અંદર ના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલીકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળો ની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

**ઝોન-૨**:-માં ઝોન-૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

| મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવામાં આવતુ ખાસ ભથ્થા | | | | |
|---|---|---|---|---|
| ક્રમ. | તારીખ થી તારીખ | વધારો | ઘટાડો | આપવા પાત્ર કુલ રકમ |
| ૧ | ૦૧-૧૦-૨૦૧૭ થી ૩૧-03-૨૦૧૮ | ------ | ---- | ૨૯.૬૦ |
| ૨ | ૦૧-૦૪-૨૦૧૮ થી 30-૦૯-૨૦૧૮ | ૦૬.૬૦ | ------- | ૩૬.૨૦ |

**પ્રસ્તુત આદેશ ફાઇલ નોંધ પર મા.કુલપતિશ્રી ની મંજુરી મેળવી પરિપત્ર બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/ ૩૩૦૨૩-૭૨/૨૦૧૮.**
**નવસારી. તારીખ: ૦૭/૦૪/૨૦૧૮.**

ઈ/ચા.**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રના તમામ કચેરી /યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.**વધુમાં જણાવવાનું કે ઉપરોકત દર સિકયુરીટી ગાર્ડ ને પણ લાગુ પડશે**. જે જાણ સારૂ.